ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૬ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહીદોને નગરજનોની ભાવભરી શ્રદ્ધાંજલી

જમ્મુ-કાશ્મિરના પુલવામાં થયેલ આતંકવાદી હુમલાથી સમગ્ર દેશ શોકની લાગણી વ્યક્ત કરી રહ્યું છે. શહિદ થયેલા જવાનો પ્રત્યે આત્મીયતાની લાગણી વ્યક્ત કરવાની સાથે ગાંધીનગર શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. આ સંદર્ભે શહેરની ઘણી દુકાનોમાં પણ શોકની લાગણી વ્યક્ત કરવા સ્વેચ્છીક બંધ પળાયો હતો. આ ઉપરાંત ઘણી સંસ્થાઓ દ્વારા કર્મચારીઓ પોતાના એક દિવસના પગારને ફંડ સ્વરૂપે જમા કરી રહ્યા છે. વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવા નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.







### ચાહના બાલવાડીએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી

પુલવામા થયેલ હુમલા દ્વારા શહીદી વહોરી ગયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો જોડાયા હતા. હીમાંશુ શ્રીમાળી અને ચંદ્રાબેન શ્રીમાળીની આગેવાની હેઠળ શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજાયો હતો.

### ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ

કાશ્મીરના પુલવામાં શહીદ થયેલ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવા ચિલોડાના હોમગાર્ડ યુનિટ દ્વારા સેવા કેન્દ્ર ખાતે પરેડ દરમિયાન જિલ્લા કમાન્ડર વી.આર. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં હોમગાર્ડના જવાનો, બ્રહ્માકુમારીય તારાદીદી, ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી, પત્રકાર નટુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ભાટ

પુલવામાં થયેલ આતંકી હુમલા પ્રત્યે શોકની લાગણી વ્યક્ત કરતા સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ભાટ ખાતે વિદ્યાર્થીઓ, સ્ટાફમિત્રો સાથે કુલ ૧૦૦૦થી વધુ વ્યક્તિઓએ ભાગ લઈ શ્રદ્ધાંજલિ આપી કેન્ડલ માર્ચ યોજી હતી.

### અશ્વત હેવન સોસાયટી, કુડાસણ

કાશ્મીરમાં થયેલ હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ આપી કેન્ડલ પ્રગટાવી અક્ષત હેવન સોસાયટીના રહેવાસીઓએ શોકની લાગણી વ્યક્ત કરી હતી.

### શુકન વિલાસ સોસાયટી, સરગાસણ

પુલવામામાં બનેલ દુઃખદ ઘટનામાં શોક વ્યક્ત કરવા માટે શુકનવિલાસ સોસાયટીના રહેવાસીઓએ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ સાથે કેન્ડલ માર્ચ યોજી હતી.

### આયુષ કચેરી, ગાંધીનગર

પુલવામાં બનેલ આતંકી ઘટનાને પગલે આયુષ કચેરી, ગાંધીનગર દ્વારા શ્રદ્ધાંજલી સભાનું આયોજન કચેરીના નિયામક ડૉ. દિનેશચંદ્ર એચ. પંડ્યાની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યુ હતુ. હાજર રહેલ દરેક અધિકારીઓ અને કર્મચારીઓએ મળી તેમનો એક દિવસનો પગાર સૈનિક વેલ્ફેર ફંડમાં જમા કરવાની અપીલ કરવામાં આવી હતી.

### ન્યૂ ગાંધીનગર - સરગાસણ

શહીદ વીર જવાનોની શહાદતને દેશના ખૂણે ખૂણેથી શ્રધ્ધાંજલિ અર્પણ થઈ રહી છે. દેશપ્રેમીઓએ પોતાના વેપાર, ધંધા, રોજગાર બંધ રાખી શ્રદ્ધાંજલિ અર્પી આ જઘન્ય કૃત્ય પ્રત્યે પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો. ગાંધીનગરના સરગાસણમાં આવેલ સુયશ ક્રિસ્ટલ તથા આજુબાજુની સોસાયટીના રહીશોએ સાંજના સમયે મીણબત્તી પ્રગટાવી મૌન ધારણ કરી શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ દુઃખદ પ્રસંગે દેશપ્રેમની જબરદસ્ત ભાવના સૌના દિલમાં ઉભી થઈ છે તે ખરેખર પ્રશંસનીય અને આવકાર્ય બન્યું છે.

### ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સૅ. ૨૧

શહેરના સેક્ટર-૨૧ સ્થિત ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર ખાતે વેપારીઓએ પણ શહિદોને અંજલિ આપવામાં આવી હતી. જેમાં વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને મીણબત્તી સાથે વેપારીઓ જોડાયા હતા.

### ન્યૂ ગાંધીનગર - કુડાસણ

ગાંધીનગર નજીકના કુડાસણ ખાતે આજે વીર શહિદોને શ્રદ્ધાંજલિ આપવા વેપારીઓએ રેલી યોજી હતી અને સૂત્રોચ્ચાર કર્યા હતા. વેપારીઓએ વીર શહિદોને આર્થિક મદદ પહોંચાડવા માટે સ્વેચ્છાએ વેપારીઓએ દાન આપી રૂ. ૫૧ હજારનો ફંડ એકત્રીત કર્યો હતો.

### ઈન્ફોસિટી વેપારી એસોસિએશન

ગાંધીનગર નજીકના ઈન્ફોસીટી ખાતે ઈન્ફોસીટી વેપારી એસોસીએશન દ્વારા આજે શહિદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. વેપારીઓએ શહિદોને મીણબત્તી પ્રગટાવીને નમ આંખે શ્રદ્ધાંજલિ આપી હતી.

### નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી

જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ આજે નીફ્ટ સંસ્થા ખાતે યોજાયો હતો. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ મીણબત્તી પ્રગટાવી શહિદોને અંજલિ આપી હતી.

### એકતા સંગઠન દ્વારા શ્રદ્ધાંજલિ અપાશે

કાશ્મીરના પુલવામાં આતંકવાદી હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા અર્થે ૧૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭ વાગે વિધાનસભાની સામે ડૉ. બાબાસાહેબની પ્રતિમા પાસે કેન્ડલ માર્ચ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાનાર છે. પ્રમુખ મગનભાઈ પરમાર, ઈશ્વરભાઈ દેસાઈ, તેજાભાઈ દેસાઈ, યુસુફભાઈ પઠાણ, હિમ્મતભાઈ મેકવાન, મુકેશભાઈ મારૂ, અશ્વિનભાઈ સુહાત, અમુભાઈ ઠાકર, રાજુભાઈ પ્રજાપતિ, ભાવિન પરમાર, મેહુલ સોલંકી દ્વારા સંગઠનના ભાઈ-બહેનો તથા જાહેર જનતાને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

### સ્વામિનારાયણ મંદિર પ્રાર્થના સભા યોજશે

દેશની રક્ષા કરતા વિરગતી પામેલ સન્માનીય સૈનિકોના આત્માની શાંતિ માટે તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૩૦ વાગે સ્વામિનારાયણ મંદિર સે. ૨ ખાતે સત્સંગ સમાજ તરફથી પ્રાર્થનાસભર અને ધૂનનુ આયોજન કરવામાં આવ્યુ છે.

## શિક્ષણખાતાના વહીવટી કર્મચારીઓનો નિવૃતિ સન્માન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં ડૉ. જીવરાજ મહેતા ભવન સ્થિત ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી અને તેના સંલગ્ન વર્ગ-૩ના વહીવટી સંવર્ગના કર્મચારીઓની સત્કાર સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૮માં નિવૃત થયેલા વહીવટી કર્મચારીઓને સન્માનવાનો કાર્યક્રમ સે. ૧૫માં વિનયન કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં શિક્ષણખાતાની ગાંધીનગર સ્થિત વિવિધ કચેરીઓમાંથી વય-નિવૃત થયેલા ૧૯ કર્મચારીઓને શ્રીફળ, સાકરનો પડો, સ્મૃતિચિહ્ન આપી તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતુ.

શિક્ષણખાતાના વહીવટી કર્મચારીઓના નિવૃતિ સન્માન કાર્યક્રમમાં સંયુક્ત શિક્ષણ નિયામક એસ.જે. પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના પ્રારંભે કાશ્મિરમાં આતંકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોના માનમાં બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રણજીતસિંહ ગઢવીએ પ્રાર્થના રજુ કરી હતી. કાર્યક્રમમાં સંયુક્ત નિયામક એસ.સી. પટેલ, મદદનીશ નિયામક ડૉ. દિપક દરજી, શ્રેયાન અધિક્ષકો સંજય ત્રિવેદી, કૃપાબેન ઝા અને સી.એચ. રાઠવા, ઉચ્ચ શિક્ષણ કચેરીના શ્રેયાના અધિકારી મીતલબેન આચાર્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિનયન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હિંમત ભાલોડિયા, સહકારી કોલેજના પ્રાધ્યાપકો પ્રો. ડૉ. કે.ડી. ઝણકાર, પ્રો. ડૉ. વી.એ. જાડેજા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે એસ.સી. પટેલ અને ડૉ. દિપક દરજીએ કર્મચારીઓ પ્રોત્સાહિત થઈ સાચા કર્મયોગી બને તેવુ વક્તવ્ય આપ્યું હતુ અને નિવૃત થઈ રહેલા કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી. સત્કાર સમિતિના કન્વીનર જગદીશ પરમાર તથા નાગજીભાઈ ચૌધરીએ પણ પ્રસંગોચિત વક્તવ્યો રજુ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન જયંતિભાઈ દલવાડીએ કર્યુ હતુ.

## સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા સેવકો-સુરક્ષા કર્મચારીઓનું સન્માન



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ વેલેન્ટાઈન ડે ની ઉજવણી સંસ્થાના કડી ખાતેના કેમ્પસમાં ફરજ બજાવતા સેવકો, સિક્યુરિટી ગાર્ડ્સ તથા હોસ્ટેલના ગૃહમાતા જેવા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સામાન્ય રીતે વેલેન્ટાઈન ડે ને યુવાનો પોતાના પ્રેમીજન સાથે પ્રેમનો એકરાર કરીને ઉજવે છે પરંતુ સર્વ નેતૃત્વ ગૃપના યુવાનોએ કડી ખાતેના એસ.વી. કેમ્પસમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ્સ, હોસ્ટેલના ગૃહમાતા તથા અન્ય સેવક ભાઈ-બહેનોનું મ્હોં મીઠુ કરાવી તેમનુ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં સર્વ નેતૃત્વ ગૃપના તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, ભવ્ય પટેલ, કૌશિક કલાલ, પંકજભાઈ પટેલ અને કપિલભાઈ ત્રિવેદી જોડાયા હતા.

## વિચરતી અને વિમુક્ત જનજાતિ વેલ્ફેર સંઘ દ્વારા રાજ્યપાલને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૧૬

વિચરતી વિમુક્ત જાતિઓને ૨૦ ટકા અનામતમાંથી મહારાષ્ટ્ર તામિલનાડુ અને કર્ણાટક રાજ્યની જેમ અલગથી ૧૧ ટકા અનામત આપવામાં આવે તથા વહેલી તકે ઉકેલ લાવવા બાબતે અખિલ ભારતીય વિચરતી અને વિમુક્ત જનજાતિ વેલ્ફેઅર સંઘ દ્વારા ગુજરાતના રાજ્યપાલને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ.

આ આવેદનપત્રમાં વિચરતી વિમુક્ત જાતિને અલગ અનામત આપવા, મફત શિક્ષણ, બીપીએલ કાર્ડની સુવિધા, સરકાર દ્વારા આવાસ, એટ્રોસીટી એકટ બનાવવા, ઉચ્ચ શિક્ષણમાં લોન આપવી, એકલવ્ય મોડેલ જેવી શાળાઓ શરૂ કરવી, ચૂંટણીમાં અનામત આપવી સહિતના ૨૧ જેટલા મુદ્દાઓની માંગ કરવામાં આવી છે.

અખિલ ભારતીય વિચરતી વિમુક્ત જનજાતિ વેલ્ફેઅર સંઘ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ દિલીપભાઈ એમ. વાદીએ રાજ્યપાલ ઓ.પી. કોહલીને આવેદન પત્ર આપ્યુ હતુ.

ટચુકડી જાહેર ખબર
અસરકારક પ્રસાર-પ્રચાર અને અને તે પણ તદ્દન પોસાય તેવા દરે...
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### ચિરવિદાય

- સ્વ. ગાંધી સ્નેહલતા દેવેન્દ્રભાઈ, ઉ.વ. ૭૭
- સ્વ. ગામેતી સુર્યાબેન દિલીપકુમાર, ઉ.વ. ૨૮
- સ્વ. ઠાકોર શકરીબેન નાથાજી, ઉ.વ. ૯૦
- સ્વ. રબારી ગફુલભાઈ માલજીભાઈ, ઉ.વ. ૬૭

## ગાંધીનગરમાંથી આતંકવાદી ઝડપાયોના સમાચારે શહેરમાં ચકચાર મચાવી..!!!

### સોશ્યલ મિડિયા પર વાઈરલ થયેલા ફેક ન્યૂઝના પગલે નગરજનો ચિંતિત બન્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં આજે એક સુપર મોલમાં આતંકવાદી ઘુસ્યો હોવાના સમાચારે ભારે સનસનાટી મચાવી હતી. શહેરમાં સોશ્યલ મિડિયા પર વાઈરલ થયેલ આ સમાચાર સાથે એક વિડીયો પણ વાઈરલ થયો હતો. જેમાં પોલીસ જોકે આતંકવાદીને ઝડપીને લઈ જતી દર્શાવવામાં આવી હતી જેના પગલે શહેરીજનોમાં ભારે ઉત્સુકતા જગાવી હતી પરંતુ આ એક ફેક વિડિયો સમાચાર હતા જે ખોટી રીતે વાઈરલ થવા પામ્યા હતા.

એક તરફ પુલવામામાં થયેલા આત્મઘાતી આતંકવાદી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોના કારણે દેશભરમાં શોક, ભય અને આક્રોશનો માહોલ છવાયો છે ત્યારે બીજી તરફ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જ સેક્ટર-૨૫ ખાતે આવેલા એક જાણીતા ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં એક આતંકવાદી બોમ્બ લગાવતા ઝડપાયો હોવાના વાઈરલ થયેલા સમાચારે ભારે ઉત્સુકતા સર્જાઈ હતી. સવારથી વિડિયો સાથે વાઈરલ થયેલા આ સમાચારને પગલે નાગરિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો અને દરેકે પોત પોતાના સબંધીઓ-મિત્રો સ્નેહીજનોને આ બાબતે પૃચ્છા કરવા સતત ફોન લગાડ્યા હતા. અંતે આ સમાચાર ખોટા હોવાનું સાબિત થતા સૌએ રાહતનો દમ લીધો હતો.

## ચિલોડા અને ઈસનપુર મોટા ગામે વીર શહિદોને શ્રદ્ધાંજલિ અપાઈ







### બંને ગામોમાં ગ્રામજનોએ કેન્ડલમાર્ચ યોજી શહીદોને અંજલિ આપી વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળીને પોતાની ભાવના વ્યક્ત કરી

ચિલોડા, તા. ૧૬

જમ્મુ-કાશ્મીરમાં પુલવામામાં થયેલા આતંકી હુમલાને પગલે સમગ્ર દેશમાં નાગરિકોમાં જન આક્રોશ જોવા મળી રહ્યો છે. નાગરિકો દ્વારા વીર શહિદોને ભીની આંખે શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. ગાંધીનગર નજીકના ચિલોડા તથા ઈસનપુર મોટા ગામે પણ વેપારીઓ અને ગ્રામજનો દ્વારા કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. આ ઉપરાંત ચિલોડા સર્કલ નજીકના બી.જે. તથા અક્ષર કોમ્પલેક્ષ સહિતના નાના મોટા દુકાનના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળ્યો હતો અને પોતાનો ધંધો રોજગાર બંધ રાખ્યો હતો.